## વડીલોને વંદન અભિનંદન



મણીબેન નારણભાઈ મહેરીયા (૧૯૫૦) મો.૯૭૩૭૭૪૪૪૫૪

# ઉનાવા ગામે ઉધાર ન આપવા બાબતે બે મુસ્લિમ જૂથો વચ્ચે હિંસક અથડામણ

## અથડામણમાં ખાનગી ગોળીબાર : ૧૦ ઈસમોને ઈજા

ઊંઝા, તા. ૧૬

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે મેઈન બજારમાં એક પાનના ગલ્લા પર દુકાનદારે ઉધાર પાનમસાલો આપવાનો ઈન્કાર કરતાં મામલો બિચક્યો હતો. અને મુસ્લિમોના બે જૂથો સામસામે આવી જતાં હિંસક અથડામણ દરમિયાન ખાનગી ગોળીબાર, પથ્થરમારો, છૂટી બાટલીઓ ફેંકાતા લગભગ દસેક જેટલા વ્યક્તિઓ ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બાબતના પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઊંઝા નજીકના ઉનાવા ગામે મેઈન બજારમાં મુસ્લિમ મહોલ્લાઓની પાસે લકી પાન સેન્ટર આવેલ છે. મોડી સાંજે આઠેક વાગે આ પાનના ગલ્લા પર એક મુસ્લિમ યુવાને આવી ઉધાર પાન મસાલાની માગણી કરી હતી. જેથી ઉધાર આપવાની ના પાડતાં તેમજ અગાઉના પૈસાની ઉઘરાણી કરતા સામાવાળાએ દૂકાનદારને માર મારતાં મામલો બિચક્યો હતો. અને જોતજોતામાં મુસ્લિમોના બે જૂથો સામસામે આવી જતાં હિંસક અથડામણ સર્જાઈ હતી. જેમાં ખાનગી ગોળીબાર થયો હતો. તેમજ પથ્થરમારો અને બાટલીઓ તલવારો, લાકડીઓનો છૂટથી ઉપયોગ થતાં એક પક્ષે બે મહિલાઓ સહિત છ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. જ્યારે સામાપક્ષે ત્રણથી ચાર જેટલા વ્યક્તિઓને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. હિંસક અથડામણ દરમિયાન પાનના ગલ્લામાંથી વકરાના રૂપિયા ૧૪,૦૦૦ની લૂંટ ચલાવવામાં આવી હતી.

ઉપરોક્ત બનાવ અંગે લીયાકતખાન પઠાણની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે સૈયદ જલીમમીયાં અબ્દુલસલામ, સૈયદ મોઈનમીયાં ઉસ્માનમીયાં, સૈયદ મુનાવરમીયાં ઉસ્માનમીયાં, સૈયદ વાસીફમીયાં વારીસમીયાં, સૈયદ વાજીદમીયાં વારીસમીયાં, સૈયદ ફિરદોશમીયાં અનવરમીયાં, સૈયદ ઐયાઝમીયાં નિઝામમીયાંનો છોકરો પોપો તથા અન્ય ટોળાના માણસો વિરૂદ્ધ ધાડ, ખૂનની કોશિશ, શારીરિક મહાવ્યથા, પથ્થરમારો તેમજ હથિયારધારા અન્વયે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે સામા પક્ષે સૈયદ મનોહરઅલી ઉસ્માનગનીએ નોંધાયેલ ફરિયાદ મુજબ તેઓએ પાનના ગલ્લા પર પાણીનું પાઉચ માંગતા દુકાનદારે ગરમ પાઉચ આપેલ આથી તેમણે ઠંડુ પાણી આપો તેમ કહેતા દુકાનદારે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ગલ્લામાંથી તલવાર કાઢી હૂમલો કર્યો હતો. જેથી તેઓને હાથના કાંડાના ભાગે ઈજાઓ થઈ હતી. આ ઉપરાંત અન્ય સામાવાળાઓએ પિસ્તોલમાંથી અને બંદૂકમાંથી ફાયરીંગ કર્યુ હતું. તેમજ લોખંડની પાઈપો વડે હૂમલો કરતાં સાહેદોને ગંભીર ઈજાઓ થઈ હતી.

આ અંગે ઊંઝા પોલીસે પઠાણ ઈમરાન શરીફખાં, પઠાણ નવાબખાં શરીફખાં, પઠાણ મુખદખાં દિલાવરખાન, પઠાણ અકબરખાન સરવરખાન તથા સલામાન ગનુ રહે. ઉનાવા વિરૂદ્ધ હંગામો, ખૂનની કોશિશ, શારીરિક મહાવ્યથા તેમજ આર્મ એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

હિંસક અથડામણને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે નાસભાગ મચી હતી. અને બજારની દુકાનો ટપોટપ બંધ થઈ જતાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. આ બનાવની જાણ થતાં ઊંઝા પોલીસ સહિત જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સ્થિતિ પર કાબુ મેળવી પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. હાલ પરિસ્થિતિ શાંત અને નિયંત્રણ હેઠળ છે પરંતુ અંદર ખાનગી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હોવાનું કહેવાય છે.

## જેડબ્લુ લાઈફ સ્ટાઈલ ઈન્ડીયાના ડિઝાઈન હેડ સિધ્ધેશ ચૌહાણનું યુવાઓને સંબોધન

એચ.એલ.આઈ.સી. ઓડીટોરીયમ ખાતે યોજાયેલ ''એચ.એલ.આઈ.સી. શીખો ૨૦૧૫''માં જેડબ્લુ લાઈફ સ્ટાઈલ ઈન્ડિયાના ડિઝાઈન હેડ સિધ્ધેશ ચૌહાણે વિદ્યાર્થીઓ સાથે ફેશન અને સ્ટાઈલ અંગે વિવિધ પાસાઓની ચર્ચા કરી હતી, તેઓ રંગોના મનોવિજ્ઞાનને સંક્ષિપ્તમાં સમજાવ્યું હતું. તેમણે વડાપ્રધાને શરૂ કરેલ મેક ઈન ઈન્ડિયા અભિયાનને પ્રોત્સાહન આપવા યુવાનોએ વિદેશી બ્રાન્ડના બદલે ભારતીય બ્રાન્ડ જ ખરીદવી જોઈએ તેવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.





રથયાત્રા આડે ગણતરીના કલાકો રહ્યા છે ત્યારે અમદાવાદ શહેરમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ચારેબાજુ ગોઠવાઈ ગઈ છે. સાથે સાથે ચકાસણી અને પેટ્રોલિંગની પ્રક્રિયા પણ વધુ તીવ્ર બનાવી દેવામાં આવી છે. ૧૮મી જુલાઈના દિવસે ભવ્ય રથયાત્રા નિકળનાર છે. આના માટે તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે.

# હિંમતનગરમાં હિટ એન્ડ રન વનકર્મીને ટ્રકે ચગદી નાખ્યો

હિંમતનગર, તા.૧૬

હિંમતનગરના મોતીપુરામાં આવેલી ફોરેસ્ટ ચેકપોસ્ટ આગળ બુધવારે મોડી રાત્રે ફૂટપાથ પર બેઠેલા વનકર્મીને ટ્રક ચાલકે ટક્કર મારતા એકનું ઘટના સ્થળ પર જ મોત થયુ હતું. જયારે અન્ય એક ઈસમને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. હિટ એન્ડ રનની આ ઘટનામાં બેફામ ગતિએ ટ્રક ચાલકે મુખ્ય માર્ગ પરથી સર્વિસ રોડની ગ્રીલ તોડીને સર્વિસ રોડની ફૂટપાથ પર ટ્રક ચઢાવી દઈ ફોરેસ્ટ ચેકપોસ્ટ પર બેઠેલા વનકર્મીને હડફેટે લઈ લીધા હતા. બનાવ અંગે એડીવીઝન પોલીસને જાણ થતાં વાહન મુકી ભાગી છુટેલા રાજસ્થાન પાસિંગના ટ્રક ચાલક વિરૂધ્ધ પોલીસે ગુનો દર્જ કર્યો હતો.

અકસ્માતની ઘટના અંગે પ્રાજ્ઞ વિગત અનુસાર મોતીપુરામાં માઈલસ્ટોન હોટલ પાસે ફોરેસ્ટ વિભાગની ચેકપોસ્ટ નજીક બુધવારે રાત્રિના પોણા બારેક વાગ્યાના સુમારે રાજસ્થાન પાસિંગની ટ્રક નં.આર.જે.૪૦.જીએ.૦૭૭૬ના ચાલકે બેફામ ટ્રક હંકારી મુખ્ય માર્ગ પરથી સર્વિસ રોડ પરની ગ્રીલ તોડી ફૂટપાથ પર ચઢાવી દેતા ટ્રક ચેકપોસ્ટ આગળની ફૂટપાથ પર બેઠેલા વનકર્મી રાજેશકુમાર પ્રભાતભાઈ રબારી અને ભગવાનભાઈ ધનાભાઈ ભરવાડ સાથે ટકરાઈ હતી. જેથી ગંભીર ઈજાને કારણે રાજેશકુમાર પ્રભાતભાઈ રબારી (રહે.હિંમતનગર) નું ઘટના સ્થળે મોત નિપજયુ હતું. જયારે ભગવાનભાઈ ભરવાડને ઈજા થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અકસ્માતની ઘટના બાદ ટ્રક ચાલક ઘટના સ્થળે જ પોતાનું વાહન છોડી ભાગી છુટયો હતો. બનાવ સંદર્ભે મૃતકના ભાઈ રમેશભાઈ પ્રભાતભાઈ દેસાઈએ ગુરૂવારે એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ભાગી છુટેલા ટ્રક ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# રાજ્યમાં ઓવરલોડ વાહનો ઉપર અંકુશ માટે સઘન ચેકીંગ ઝુંબેશ

ગાંધીનગર, તા.૧૬

વાહન વ્યવહારની કચેરી, ગાંધીનગર દ્વારા તા.૧૦ થી ૧૨ જુલાઈ ૨૦૧૫ દરમિયાન ત્રણ દિવસ રાજયના વિવિધ સ્થળો પર ઓવર લોડ, ઓવર ડાયમેન્શન મોટર વાહન અને પેસેન્જર બસોનું આકસ્મિક રીતે સઘન ચેકીંગની ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં વાહન વ્યવહાર અધિકારીઓ દ્વારા ત્રણ દિવસમાં વિવિધ ૧૨૪૧ કેસ કરીને કુલ રૂ.૩૪,૧૦,૫૬૦ની સ્થળ પર દંડ વસુલાત કરવામાં આવી છે. જેમાં ૨૧ જેટલા વાહનોને ડિટેઈન પણ કરવામાં આવ્યા છે.

ઓવર લોડ વાહનોના ૧૮૭ કેસોની કુલ રૂ.૩,૪૬,૨૦૦/-, ઓવર ડાયમેન્સનના ૧૮૪ કેસોની કુલ રૂ. ૯,૮૪,૮૦૦/-, પેસેન્જર બસોના ૫૮૯ કેસોની રૂ.૧૦,૩૦,૪૦૦/-, અન્ય ૨૮૧ કેસોની રૂ.૨,૬૨,૫૦૦/-, મોટર વાહન કર-દંડ વસુલાત રૂ.૭,૮૬,૬૦૦/-, એમ કુલ ૧૨૪૧ કેસોની રૂ.૩૪,૧૦,૫૬૦/-ની રકમ દંડ પેટે વસુલ કરીને રાજયમાં ઓવરલોડ વાહનોની કામગીરી ઉપર અંકુશ આવે તેવા ઘનિષ્ઠ પ્રયાસો રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહયા છે, તેમ સહાયક વાહન વ્યવહાર નિયામક, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.



પાલનપુર શહેરના દિલ્હીગેટ નજીક આજે સમી સાંજે મહારાષ્ટ્ર પાસિંગની એક કાર અચાનક જ સળગી ઉઠી હતી. આથી માર્ગ પર જ ભારે ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## વડાલીમાંથી બાઈક ચોરાતા પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા.૧૬

વડાલીની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના કંપાઉન્ડમાં પાર્ક કરેલ બાઈક નં.જીજે.૯.સીડી.૪૯૦૫ની અજાણ્યા શખ્સોએ આવી ચોરી કરી લઈ ગયા હતા. ત્યારબાદ ભંડવાલના બાઈકના માલિક અક્ષયભાઈ મહેન્દ્રભાઈ પટેલે તપાસ કરતા બાઈક મળ્યુ ન હતું. જેથી તેમણે બુધવારે વડાલી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શિક્ષકો સામે લાલઆંખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિક્ષકો સામે પણ ખાતાકીય પગલાં લેવામાં આવશે તેવી સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં શિક્ષણમંત્રીશ્રીએ તેમના વિભાગની સમીક્ષા બેઠકમાં આ બે મુદ્દાઓને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી અને તમામને ૨૦૧૦ના પરિપત્રનો સખ્તાઈથી અમલ થાય તે જોવા તાકીદ કરી હતી.

જિલ્લા શિક્ષણ સમિતિએ ૧૫મી જુલાઈએ જ આ અંગેનો નવો પરિપત્ર કરી અને કડક તાકીદ સાથે ચુસ્ત અમલીકરણ કરવાની જવાબદારી તમામ મુખ્ય શિક્ષકોને સોંપી છે.

## અસહ્ય બફારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોય તેવું લાગી રહ્યું છે. અબોલ પશુ પંખીઓ પાણી વગર હેરાન પરેસાન થઈ ગયા છે. મોર પણ વરસાદની માંગણી કરી કરીને જાણે થાકી ગયા હોય તેમ તેઓએ ટહુકવાનું બંધ કરી દીધું છે.

ખેડુતોની હાલત સૌથી વધુ કફોડી બની છે. હદ બહાર વરસાદ ખેંચાતા ખેતર સુકાવા લાગ્યા છે.

પાણીના સ્તર ઉંડા જતાં બોરમાંથી પાણી મેળવવું પણ અઘરું બન્યુ છે. બિયારણનો ખર્ચ પણ માથે પડે તેવું લાગી રહ્યું છે. જો થોડાક દિવસોમાં વરસાદ નહી પડે તો સમગ્ર પ્રદેશને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવું પડે તેવી દહેશત વ્યકત કરવામાં આવી રહી છે.

વરસાદના અભાવે તાપમાન સામાન્ય કરતાં ઉંચું રહ્યું છે. બફારો હદ બહાર અનુભવાય છે. સૌ કોઈ અસહ્ય બફારા અને ગરમીથી ત્રાસી ગયા છે. જયાં જુઓ ત્યાં વરસાદની જ ચર્ચાઓ ચાલી રહી છે. શનિવારે અષાઢી બીજના રોજ અમી છાંટણા થાય તેવી પ્રાર્થના ભાવિકો કરી રહ્યા છે.

## ફીટનેસ સેન્ટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતે વિકાસ મોડલથી સિધ્ધિ મેળવી છે ત્યારે રમતના ક્ષેત્રમાં પણ ગુજરાતનાપશ્ચિમ ક્ષેત્રના ખેલાડીઓ વિશ્વ કક્ષાએ ઉંચી સિધ્ધિઓ મેળવે એવી આશા જાગે છે. સાંઈનું આ પશ્ચિમી કેન્દ્ર ૧૯૮૭માં કાર્યરત બન્યું ત્યારથી રમતવીરોને તૈયાર કરવામાં તેની ભૂમિકા પ્રશંસનીય રહી છે. ૬૪ એકર વિસ્તારમાં કાર્યરત આ કેન્દ્રમાં આધુનિક, વૈજ્ઞાનિક ઢબે અને આંતરરાષ્ટ્રીય સ્તરની તાલીમથી ખેલાડીઓને પ્રશિક્ષિત કરવામાં આવે છે. દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારત અને ગુજરાત સરકાર દ્વારા ખેલાડીઓને રમત પ્રવૃત્તિમાં રસરુચિ દાખવવા ખાસ પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આ પ્રસંગે રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ રાજય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ ગુજરાતમાં પ્રતિ વર્ષ યોજાતા ખેલ મહાકુંભનો ઉલ્લેખ કરી ખેલાડીઓના કૌશલ્ય વર્ધન અને પ્રાપ્ત ઉજવળ તકોની વાત કરીને સરકારના રમતગમત માટેના પ્રોત્સાહક અભિગમનો પરિચય આપ્યો હતો.

કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના રમત અને યુવા બાબતોના સચિવ શ્રી અજીત મોહન સરણ, ભારતીય ખેલ પ્રાધીકરણ પશ્ચિમી કેન્દ્રના નિયામક શ્રી રૂપકુમાર નાયડુ, સચિવ શ્રી ભારતીય ખેલ પ્રાધીકરણ, નવી દિલ્હીના સચિવશ્રી છાવડાજી વગેરે દ્વારા પ્રાસંગિક વકતવ્ય આપવામાં આવ્યાં હતા.

મહાનુભાવોએ અધતન સુવિધાસજ્જ ૧૦૦ પથારીની હોસ્ટેલ તથા અધતન ફીટનેસ સેન્ટરની મુલાકાત લીધી હતી. મહાનુભવોનું સાંઈ, ગાંધીનગરના અધિકારીશ્રીઓ દ્વારા સ્મૃતિચિહૂન આપી સન્માન કરવામાં આવ્યું હતું. રમત ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિમેડલ પ્રાપ્ત કરનાર ખેલાડીઓ તથા ટીમોનું મહાનુભાવોના હસ્તે સ્મૃતિ ચિહૂનથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હંસાબેન મોદી, પ્રદેશભાજપ મહામંત્રી શ્રી કે.સી.પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસથિત રહ્યાં હતાં.

## શબ્દાવલી - ૫૭૯૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ■ | ૮ | | ■ | ■ | ૯ | | |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | | ■ |
| ૧૩ | | ૧૪ | ■ | | ■ | ■ | ૧૫ |
| ■ | ■ | ૧૬ | | | ૧૭ | ૧૮ | ■ |
| ૧૯ | ૨૦ | | ■ | ■ | ૨૧ | | ૨૨ |
| ૨૩ | | | ■ | ૨૪ | | ■ | |
| | ■ | ■ | ૨૫ | | | | |

### આડી ચાવી

૧. પાયલ, નુપુર (૩)
૪. સારો આચાર, શિષ્ટાચાર (૪)
૮. આફત, આપત્તિ (૨)
૯. નાનું નગારું (૩)
૧૦. પૃથ્વી, ધરતી (૨)
૧૧. અફસોસ, અધુરી ઇચ્છા(૪)
૧૩. રોતડુ (૩)
૧૫. એક રમત જેમાં... કહીને દાવ અપાય છે (૧)
૧૬. જર્જરીત, ખખડી ગયેલ(૫)
૧૯. પ્રશ્ન (૩)
૨૧. રાજા (૩)
૨૩. પાસુ, બાજુ (૩)
૨૪. અગ્નિ, લાય (૨)
૨૫. સુબહ-શામ (ગુજરાતીમાં) (૫)

### ઊભી ચાવી

૨. ઘરેણાં વગેરે (૪)
૩. છુટ્ટીનો દિવસ, રવિવારે... (૨)
૫. રાક્ષસ (૩)
૬. ઓસાડ, ઓઢવાની જાડી ચાદર(૩)
૭. રામ (૨)
૧૦. એક પ્રકારનું ઘાસ (૨)
૧૨. સમાચાર, એંધાણ (૩)
૧૪. લહેરખી, પીડા, દુઃખ (૪)
૧૭. પરાણે, બળજબરીથી (૪)
૧૮. કાજી, ન્યાય કરનાર (૨)
૧૯. સોગંધ, કસમ (૩)
૨૦. કાંટા - તારની જાળી (૨)
૨૨. ખોદવાની કોશ (૩)
૨૪. મુકદ્દુવા, કેસ (૨)

### શબ્દાવલી ૫૭૮૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) બેલાશક (૩) સીલોન (૬) વાઘ (૭) જમાનત (૮) વગદાર (૧૦) વિગ્રહ (૧૧) દાભ (૧૩) વાહન (૧૪) લુમ (૧૬) રવો (૧૮) મોકુફ (૨૦) ડોકવું (૨૧) બદચલન

**ઊભી ચાવી :-** (૧) બેવા (૨) લાઘવગ્રહ (૩) સીમા (૪) લોન (૫) નતમસ્તક (૭) જરદાલુ (૯) ગહન (૧૦) વિવાહ (૧૨) ભમરડો (૧૫) સફળ (૧૭) વોકળો (૧૮) મોદ (૧૯) કૂચ


## કંપની સમાચાર

### હોન્ડા કાર્સ ઈન્ડિયા લિમિટેડ સંપૂર્ણ નવી થર્ડ જનરેશન હોન્ડા જાઝ ગુજરાતમાં લોન્ચ કરી

દેશમાં પ્રીમિયમ કાર્સની અગ્રણી ઉત્પાદક હોન્ડા કાર્સ ઈન્ડિયા લિમિટેડ (એચસીઆઈએલ) આજે ગુજરાતની બજાર માટે સંપૂર્ણ નવી થર્ડ જનરેશન હોન્ડા જાઝ લોન્ચ કરી હતી. સંપૂર્ણ નવી જાઝ વિશ્વ કક્ષાના ફંકશનલ કોમ્પેક્ટ હેચબેક તરીકે વિકસાવવામાં આવી છે, જે ડાયનેમિક સ્ટાઈલિંગ, અનન્ય પેકેજ, કક્ષામાં અવ્વલ ઈંધણ કાર્યક્ષમતા, આધુનિક ટેકનોલોજી અને ઉપકરણ તથા સદાબહાર યુટિલિટી ઓફર કરે છે. જાઝ હોન્ડાની રેખામાં વૈશ્વિક મોડેલ છે અને તેની ફંકશનાલિટી, ડ્રાઈવ કરવાની મોજ અને રિફાઈનમેન્ટ માટે જ્ઞાન છે. સંપૂર્ણ નવી જાઝ ભારતમાં ડીઝલ અને પેટ્રોલ ઈંધણ વિકલ્પોમાં મળશે. ડીઝલ પ્રકારમાં ખાસ ભારતીય બજાર માટે ૧.૫ લિ. આઈ-ડીટેક ડીઝલ એન્જિન સાથે પ્રવેશ કરશે. જે પ્રતિ લિ. ૨૭.૩ કિમીની કક્ષામાં અવ્વલ ઈંધણ કાર્યક્ષમતા આપે છે.


### બાળકોને તણાવભરી શિક્ષણ પદ્ધતિમાંથી લીફલાઈન આપશે નવી લાઈફલાઈન

## ગુજરાતમાં અને દેશના અન્ય ભાગોમાં ડિજિટલાઈઝ્ડ શિક્ષણ માટે ટેબબૂક કન્સેપ્ટ

શાળાના બાળકોનો વધતો જતો શિક્ષણ બોજ ઘટાડવા અને ડિજિટલાઈઝ્ડ શિક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી લીફલાઈન દ્વારા તેના નવા શૈક્ષણિક ટૂલ 'ટેબબૂક'ની ખાસ વિશેષતાઓ રજૂ કરવામાં આવી છે. અનેક ઈનબિલ્ટ વિશેષતાઓ સાથે આ મોડર્ન એજ્યુકેશન એપ્લિકેશન 'ટેબબૂક'માં નવા યુગની શિક્ષણ પદ્ધતિની ખાતરી મળે છે.

લીફલાઈનના સ્થાપક યશ પટેલે આ અંગે જણાવ્યું હતું, 'અમે આ ડિજિટલ એજ્યુકેશન ડ્રિમ ટેબબૂકનું આયોજન કર્યું હતું અને અમે પ્રોફેશનલ્સની એક ટીમ બનાવી જેણે દિવસ રાત કામ કરીને બહોળા ડેટાબેઝની સાથે પ્રોજેક્ટને સફળ બનાવ્યો હતો. અમારા આ ડ્રીમ પ્રોજેક્ટને વેગ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ડિજિટલ ઈન્ડિયાના વિઝનની રજૂઆત કરવામાં આવી ત્યારે મળ્યો છે. જેમાં ઈ-એજ્યુકેશન દ્વારા એજ્યુકેશન ફોર ઓલનો કન્સેપ્ટ પણ વણી લેવામાં આવ્યો છે. તેમને ડિજિટલ ઈન્ડિયાના વિઝનથી બાળકોને ઈ-એજ્યુકેશન દ્વારા વર્લ્ડ ક્લાસ શિક્ષણ મળવાની સંભાવના વધી છે. અમે ભારતના બાળકો પરથી પુસ્તકોનો ભાર ઓછો કરવા પ્રયાસ કરી રહ્યાં છે અને સાથે ગ્રામીણ ભારતમાં અભ્યાસક્રમ તથા શિક્ષકોની ઓછી ગુણવત્તાની સમસ્યાને દૂર કરવા માગીએ છીએ. મને ખાતરી છે કે અમારૂ નવું શૈક્ષણિક ટુલ ભારતમાં ટેક્સ્ટબુક્સના સ્થાને આશીર્વાદ સમાન બની રહેશે.' તેમણે વધુમાં કહ્યું હતું કે ટેબબુકની ખાસ વિશેષતાઓથી બાળકોના સમગ્ર વિકાસ, આઈક્યૂ વધારવામાં, તેમની પ્લાનિંગ અને ટાઈમ મેનેજમેન્ટ સ્કીલ્સમાં વધારો કરવામાં મદદ મળશે તેમજ તેમની સ્કૂલબેગનો ભાર પણ ઓછો થઈ શકશે. સ્કૂલબેગના ભારથી આરોગ્યની સમસ્યાઓ પણ થઈ શકે છે. લીફલાઈનનો સંપર્ક www.leafline.in પર થઈ શકશે.

પાટણના એમકે એજ્યુકેશનના ચાર્ટર્ડ એન્જિનિયર અને એજ્યુકેશનિસ્ટ મુકેશ પટેલે જણાવ્યું હતું કે, 'ભારતમાં શિક્ષણ આજે પણ સારી માળખાકીય સુવિધાઓનો અભાવ ધરાવે છે અને સાથે ગુણવત્તાયુક્ત શિક્ષકો પણ ઓછા છે અને ખાસ કરીને ગ્રામીણ ભારતમાં વારંવાર વીજળી કાપની અસુવિધા હોય છે તેથી પીસીનો ઓછો ઉપયોગ તથા ઈન્ટરનેટ કનેકટીવીટી ઓછી રહે છે. આ એક પડકાર છે કઈ રીતે બાળકોને અપડેટેડ રાખવા અને તેમને શિક્ષણ માટે પ્રેરવા. ટેબબૂક આ મામલે તેઓના માટે આશીર્વાદ સમાન બની રહે છે.

## અષાઢષ્ય પ્રથમ દિવસે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અષાઢ સુદી અગિયારસથી પૂનમ સુધી કુંવારી કન્યાઓ 'મોળાકત' કે 'ગૌરીવ્રત'ની ઉજવણી કરે છે. ગૌરીને લોકબોલીમાં ગોર્યમા તરીકે ઓળખવામાં આવે છે. ગૌરી એ જગતમાતા પાર્વતી, હિમાલયનાં પુત્રી છે. તેમનો રંગ ગૌર હોવાથી તેમને ગૌરી તરીકે ઓળખવામાં આવે છે. ગોર્યમાને આદર્શ કુમારિકા ગણી તેને પગલે કુમારિકાઓ સારો વળ મેળવવા માટે ગૌરીએ કરેલું વ્રત અને પૂજન કરે છે. તેથી ગૌરીને પૂજનારી પણ સ્વયં 'ગૌર' કહેવાય છે. રાજસ્થાનમાં 'ગણગોર'નું અને મહારાષ્ટ્રમાં 'મંગલાગૌરી'નું વ્રત સૌભાગ્યવતી નારીઓ કરે છે.

ગોર્યમાના વ્રત પ્રસંગે કન્યાઓ મીઠા વગરનું ભોજન - અલૂણાં કરે છે. આ ઉમંગ અને ઉલ્લાસના પર્વ પ્રસંગે ગરબા, રાસડા, ટીટોડો, હીંચ, હમચી જેવાં લોકનૃત્યની સાથે સરખેસરખી સહિયરો સામસામાં ગીતો ગાય છે અને નૃત્યપ્રધાન રમતો રમે છે. વ્રતના દિવસો પૂરા થાય તે રાત્રે જાગરણ કરવામાં આવે છે. જાગરણ વખતે રમત, ગીતો દ્વારા કન્યાઓ ગાતાં, કૂટતાં ને ભાંડતાં (ફટાણાં ગાતાં) પણ શીખે છે.'

આવું જ જયાપાર્વતી વ્રતનું પણ છે. તફાવત માત્ર એટલો જ છે કે ગુજરાતમાં જયા પાર્વતીનું વ્રત કુંવારી કન્યાઓ કરે છે અને સૌરાષ્ટ્રમાં પરણેતરો.

ગુરૂપૂર્ણિમાના દિવસે શિષ્યો દ્વારા ગુરૂઓ પ્રત્યેનો આદર અને શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવે છે, અનેક સ્થાનોએ ગુરૂ માટે પૂજાનું આયોજન પણ શિષ્યો દ્વારા કરવામાં આવે છે. મહાભારત કાળના ખ્યાત ગુરુ વેદવ્યાસનો આ જન્મદિવસ હોવાથી તેને વ્યાસ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે.

બૌદ્ધધર્મી ભક્તો પણ આ દિવસની ઉજવણી અનેરી આસ્થાથી કરે છે. આ દિવસે ભગવાન બુદ્ધે સારનાથ (ઉત્તર પ્રદેશ) ખાતે પોતાનું પ્રથમ પ્રવચન આપ્યું હતું.

સામાન્ય માનવીઓ ઉપરાંત જ્યોતિષીઓ માટે પણ અષાઢ માસ ખૂબ મહત્ત્વનો છે. એમની માન્યતા અનુસાર આ માસ અત્યંત શુભ છે અને માસ દરમ્યાન ઈશ્વરની ઊર્જા સીધી ઊર્જા માનવીને પ્રાપ્ત થાય છે. ઈશ્વર તરફથી એક ઉપહાર તરીકે આ મહિનો છે એમ જ્યોતિષીઓ માને છે અને એટલે જ આ માસ દરમ્યાન ધ્યાનનું ખૂબ મહત્ત્વ છે.

અષાઢ માસનું મહત્ત્વ અગાઉ (૧૯૯૭-૨૦૦૪) અમરનાથ યાત્રા સાથે પણ સંકળાયેલું હતું, ત્યારે આ યાત્રા અષાઢ સુદ પૂનમથી ચાલુ થઈ શ્રાવણ સુદ પૂનમના દિવસે પૂર્ણ થતી હતી.

જૂના જમાનામાં વરસાદનો પ્રારંભ પણ અષાઢથી થતો હતો અને આજે પણ અષાઢ સાથે વરસાદનો નાતો ગહન રહ્યો છે. કદાચ એટલે જ એ વિરહ વેઠતા વ્યક્તિઓ માટે અસહ્ય બની જતો હોય છે. વરસાદનો પ્રારંભ થાય ને ધરિણી સહિત આસપાસની સઘળી સૃષ્ટિ એના આનંદમાં તરબોળ બને ત્યારે સહજ રીતે જ પ્રેમીપાત્રની યાદ સતાવે અને વિરહની વેદના કઠવા માંડે. વરસાદી વાદળ જોઈને જેમ મેઘદૂતના હૈયામાં વિરહની વેદના અસહ્ય થઈ પડી હતી એવું એક શાયરને પણ અનુભવાયું છે :

'તૌબા કિ થી, મૈં ન પીઉંગા કભી શરાબ,
બાદલ કા રંગ દેખ નિયત બદલ ગઈ.'

શાયર 'જાન શબ્દિલ' લખે છે :
તું બોલજે કંઈક અંતરના સાદ જેવું,
વ્હાલા વરસજે અષાઢના વરસાદ જેવું.

આપણા ગુજરાતી કવિ મનસુખલાલ ઝવેરી લખે છે :
માનવીના રે જીવન ! ઘણી અષાઢ ને ઘડીક ફાગણ...
એક આંખે આંસુની ધારા, બીજીએ સ્મિતના ઊડે ફુવારા...

પ્રેમ વર્બારોટની લખે છે :
કભી તો ખુલ કે બરસ અબ્ર-એ-મહેરબાં કી તરહ
મેરા વજૂદ હૈ જલતે હુએ મકાન કી તરહ

અને હા, અષાઢ સાથે એક નાટકનો સંદર્ભ પણ જોડાયેલો છે. નાટક છે હિન્દી, જેનું નામ છે : 'આષાઢ કા એક દિન.' ૧૯૫૮માં મોહન રાકેશ દ્વારા રચાયેલું આ નાટક એ હિન્દી ભાષાના પ્રથમ આધુનિક નાટક તરીકે ઓળખાય છે.

એકસ્ટ્રા શૉટ

કવિ દુલા કાગ :
સૂરજ ઘર સંઘરેલ, ચોરી જળ સાયર તણાં;
અષાઢે ઓકેલ, કોઠે ન રયાં, કાગડા !

અર્થ : ચોરી એવી વસ્તુ છે કે કોઈના ઘરમાં જરતી નથી, હજમ થતી નથી, તેનો દાખલો કે સૂર્ય પોતાનાં કિરણો વડે સમુદ્રનું જળ, આઠ મહિના ચોર્યા કરે છે. પણ ચોમાસામાં અષાઢ મહિનામાં તે પાણી સૂર્યને ઓકી કાઢવું પડે છે. બીજાનું હરીને લઈ લીધેલું કાયમ કોઈ ભોગવી શકતું નથી.


## નામ બદલેલ છે

મારું જુનુ નામ હસમુખલાલ શાન્તીલાલ રાવલ હતું તે બદલી હસમુખભાઈ શાન્તીલાલ રાવલ રાખેલ છે.

લી.
હસમુખભાઈ શાન્તીલાલ રાવલ
એ-૬૯, જયભાનુ સોસાયટી,
ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૬૧



## જાહેર નિવિદા

સામાન્ય વહીવટ વિભાગ (કર્મચારીગણ પ્રભાગ)ના ૭ (સાત) કોપિયર ઝેરોક્ષ મશીનો નકલ દીઠ ચાર્જથી ભાડાકરારથી ચલાવવા રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી તા. ૩૧/૭/૨૦૧૫ સુધીમાં સીલબંધ કવરમાં કવર પર 'ઝેરોક્ષ મશીનના ભાડા કરારના ભાવપત્રક' ઉલ્લેખ કરીને નીચે સહી કરનારને નામજોગ મળી રહે તે મુજબ ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

ઝેરોક્ષ મશીનોની વિગતો અને કામગીરીના પ્રમાણની વિગતો સામાન્ય વહીવટ વિભાગ / ન.શાખા, બ્લોક નં. ૭, ભોંયતળિયે, નવા સચિવાલય, ગાંધીનગર ખાતેથી રૂબરૂમાં મેળવી શકાશે.

સહી/-
ટી.જે. પટેલ - ઉપસચિવ (મહેકમ)
સામાન્ય વહીવટ વિભાગ
માહિતી/૯૨૪/૧૫-૧૬ બ્લોક નં. ૭/૧, નવા સચિવાલય, ગાંધીનગર